Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: <u>પરિપત્ર</u> :-

આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખામાં પીએચ.ડી. ચલાવવા માટેના ધારા ધોરણો અંગે નીચેની હકીકતો તથા દસ્તાવેજો અવલોકને લઈ પીએચ.ડી.ના પ્રર્વતમાન ઓર્ડિનન્સ તથા પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા મેળવવા માટેના ઓર્ડિનન્સમાં તેમજ સ્ટેચ્યુટમાં સુધારા કરવા તથા આર્કિટેકચર વિદ્યાશાખામાં પીએચ.ડી.પ્રવેશ ની કાર્યવાહી કઈ રીતે કરવી તે અંગેઅનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૮/૧૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : ૧૭ અન્વયે બોર્ડ ઓફ સ્ટડીઝને રીફર કરવાની કરેલ ભલામણ સંદર્ભે આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૬ થી કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૪ થી મંજૂર કરેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે, તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્ઉપરાંત તેનો અમલ કરવો.

**<u>આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયનીઅભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ નાઠરાવક્રમાંકઃ૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખામાં આર્કિટેકચર વિષયમાં Ph.D.પ્રોગ્રામ ચલાવવા માટે યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમોમાં Council of Architecture દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ Ph.D.ગાઈડલાઈન્સ –૨૦૧૬ નું અમલીકરણ કરી પ્રોગ્રામ ચલાવવા માટે યુનિવર્સિટીનાં નિયમો મુજબ આગળ કાર્યવાહી કરવા માટે ભલામણ છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અગાઉ Ph.D. એન્ટ્રન્સ ટેસ્ટમાં ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને ઉપરોકત ગાઈડલાઈન્સ મુજબ લાયકાતની ચકાસણી કરી આર્કિટેકચર વિષયમાં Ph.D.માં પ્રવેશ માટે પ્રેઝન્ટેશન માટે આમંત્રિત કરવા.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંકઃ૬ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

ક્રમાંકઃએસ/બી.આર્ક./સિલેબસ/૨૫૪૪૪/૨૦૨૨
તા.૨૦/૧૦/૨૦૨૨

20/10/22
કુલસચિવ

પ્રતિ,
૧) આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ.
૨) અધ્યક્ષશ્રી, આર્કિટેકચર વિદ્યાશાખા,
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ અમલ સારૂ.